## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



કમળાબેન ગિજુભાઈ ત્રિવેદી
(૧૯૩૨) ફોન. ૬૫૭૩૭૯૭૩



કિરીટકુમાર અગ્રાવત
(૧૯૫૦) ફોન. ૨૩૨૩૩૭૮૮

# ગુજરાતના ૬૧ તાલુકાઓમાં વર્ષા થઈ : લાલપુરમાં છ ઈંચ

## અમદાવાદમાં મોસમનો ૪.૬૫ ઇંચ વરસાદ : શહેરમાં ઝાડ પડવાની બે અને ભયજનક મકાનની ત્રણ ફરિયાદો

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ સહિત રાજ્યના ૬૧ તાલુકાઓમાં આજે અડધાથી એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં છ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. અમદાવાદમાં આજે હળવા ઝાપટા પડ્યા હતા. શહેરમાં આજ સુધી મોસમનો કુલ વરસાદ ૪.૬૫ ઈંચ નોંધાયો છે. અમદાવાદમાં ઝાડ પડવાની બે ફરિયાદો નોંધાઈ છે. જેમાં પાલડીમાં ધરણીધર બંગલોથી જયદીપ ટાવર જવાના રસ્તે અને રાણીપમાં સુદર્શન એપાર્ટમેન્ટ આગળ, ગણેશ કોલેજ રોડનો સમાવેશ થાય છે. જ્યારે ભયજનક મકાનોની ત્રણ ફરિયાદો મ્યુનિ. કંટ્રોલ રૂમને મળી છે. જેમાં કાલુપુર સ્વામીનારાયણ મંદીર રોડ, સૌરાષ્ટ્ર ફરસાણની ઉપર, પંચભાઈની પોળ, બાબા રામદેવ દૂધ ઘરની ગલીમાં બે માળનું મકાન અને બહેરામપુરામાં પરીક્ષીતલાલનગર, ડિસ્કો પાનવાળી ગલીનો સમાવેશ થાય છે. રાજ્યમાં વરસી રહેલા છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન સૌરાષ્ટ્રના જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં ૧૬૩ મીમી એટલે છ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે સવારે ૭.૦૦ કલાકે પૂરા થતાં ચોવીસ કલાક દરમ્યાન ૬૧ તાલુકાઓમાં અડધાથી એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જેમાં પાટણ, સિદ્ધપુર, ઉંઝા, તલોદ, સાણંદ, સાવલી, મોરબી, ટંકારા, વાંકાનેર, માળીયા, માંગરોળ, સુત્રાપાડા, વેરાવળ, રાજુલા, ભાવનગર, ઘોઘા, ઉમરાળા, વલ્લભીપુર, ચીખલી, પારડી અને વલસાડ મળી કુલ ૨૨ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે અન્ય ૩૯ તાલુકાઓમાં અડધો ઈંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યનો સરેરાશ વરસાદ ૧૫.૧૫ ટકા જેટલો નોંધાયો છે. જેમાં સોરાષ્ટ્ર રીજીયનમાં ૧૩ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૫ ટકા, કચ્છમાં ૨ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૯ ટકા અને પૂર્વ મધ્યગુજરાતમાં ૧૬ ટકા જેટલો વરસાદ થયો છે.



હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૪.૩ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડીગ્રી નોંધાયુંહતું. હવામાં ભેજનુંપ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૮૮ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૬૮ ટકા નોંધાયુ હતું.

## ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસના મહામંત્રી પદે કે.પી. સોલંકી વરણી

ગાંધીનગર, તા. ૧૨



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની સૂચના અનુસાર ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ શ્રી સી. જે. ચાવડાની ભલામણથી ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી કે.પી. સોલંકીની ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિનાં મહામંત્રી તરીકે નિમણૂંક કરેલ છે.

શ્રી કે.પી. સોલંકી અતિ પછાત જાતિના વાલ્મિકી સમાજમાંથી સ્વબળે પ્રગતિ કરેલ છે.

શ્રી કે.પી. સોલંકી અતિ પછાત જાતિના વાલ્મિકી સમાજનાંથી સ્વબળે પ્રગતિ કરેલ છે. જેઓ ગાંધીનગર જિલ્લાના રાયસણ ગામના વતની છે. સચિવાલયમાં સેવાઓ આપતી વખતે વાલ્મિકી સમાજે લગ્ન પરિચય મેળો, વાલ્મિકી સમાજ માટે આયોજન મંડળમાંથી પ્રસંગો માટે વાસણો મંજૂર કરાવેલ હતા.

ગાંધીનગર જિલ્લા ભંગી સેવા સમાજ ગુજરાત પ્રદેશ વાલ્મિકી કલ્યાણ પરિષદ, ગાંધીનગર જિલ્લા પછાત વર્ગ સેવા સમાજ વગેરે સ્પર્ધાઓનાં પ્રમુખપદે રહીને સેવાઓ આપી હતી.

# મગરના આંસુ સારવારનું કોંગ્રેસ બંધ કરે : ભાજપ

## ગુજરાતના કિનારાવાસીઓ કોંગ્રેસને કિનારે જ રાખવાના છે : કોંગી ભૂતકાળના શાસનને યાદ કરે

અમદાવાદ, તા.૧૨

ભાજપાના પ્રદેશ પ્રવક્તા આઈ. કે. જાડેજા અને રાજ્યસભાના સાંસદ મનસુખ માંડવીયાએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે ગુજરાતના દરિયા કિનારાઓને સૌથી વધુ અસલામતી અને જોખમમાં મુકનારા તત્વો આજે કિનારા બચાવો જેવી હાસ્યાસ્પદ જાહેરાતો દ્વારા તેમનો રાજકીય રોટલો શેકવા નીકળ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, ૧૯૯૩ના બોમ્બે બ્લાસ્ટમાં વપરાશમાં લેવાયેલ આરડીએક્સ અને અનેક જીવલેણ હથિયારો જે તે સમયના સક્રિય કોંગ્રેસ નેતાઓના ઈશારે પોરબંદરના દરિયા કિનારે ઉતર્યા હતા. તેની કોંગ્રેસને વિસ્મૃતિ થઈ ગઈ છે કે શું ? ૧૯૯૩માં સુરતમાં બોમ્બ બ્લાસ્ટમાં ૨૦ વર્ષની સજા માટે ટાડા કોર્ટ દ્વારા કસૂરવાર ઠેરવાયેલ કોંગ્રેસના ભૂતપૂર્વ મત્સ્ય ઉદ્યોગમંત્રી મોહંમદ સુરતી, કોંગ્રેસના ભૂતપૂર્વ કોર્પોરેટર ઈકબાલ વાડીવાલા તથા તેમના અન્ય સાથીઓએ દરિયાપારથી આરડીએક્સ અને એ.કે. ૪૭ જેવા જીવલેણ હથિયારો મેળવીને રાષ્ટ્રહિતની વિરુદ્ધમાં કરેલા કુકર્મોને કોંગ્રેસ ભલે વિસરી ગઈ હોય, પરંતુ ગુજરાતની શાણી પ્રજા તે તત્વોની નાપાક પ્રવૃત્તિઓને ભૂલી ગઈ નથી. ૮૦થી ૯૦ના દાયકામાં ગુજરાતી સરહદો અને દરિયાકાંઠેથી સોનુ, જીવલેણ હથિયારો, આરડીએક્સ અને પાકિસ્તાની ચલણને કચ્છના અંતરિયાળ વિસ્તારોમાં ઘુસાડવાના અતિનિંદનીય બનાવો કોંગ્રેસના ભૂતકાળના શાસનમાં થયેલા છે, તે કોંગ્રેસે યાદ રાખવું ઘટે. તેમણે કોંગ્રેસ સામે આક્ષેપ કરતાં કહ્યું હતું કે, ઈજ્જુશેખ, મમ્મુમીયાં પંજુમીયા, મહંમદ સુરતી, ઈકબાલ વાડીવાલા અને અન્ય અનેક ઈસમોની ગુજરાત અને દેશમાં અશાંતિ, અસલામતી ફેલાવવાની નાપાક પ્રવૃત્તિઓ કોંગ્રેસના શાસનમાં ગુજરાતના દરિયા કિનારાની સલામતીને કોરાણે મૂકીને નિયમિત અંતરે બનતી હતી. તે કોંગ્રેસ ક્યારેય ન ભૂલે. તેમણે માછીમાર સમાજની કેન્દ્ર સરકાર સમક્ષ જુદી જુદી માંગણીઓ જેવી કે ૬૫૦ બોટ પાકિસ્તાનમાં છે તેને પાછી લાવવા, માછીમાર સમાજને સબસીડી આપવા, કેરોસીનના જથ્થામાં ૩૩ ટકા જે કાપ મુક્યો છે તે ઉઠાવવા જેવા પ્રશ્ને નક્કર કરવા માંગણી કરી છે. અને માછીમારના નામે મગરના આંસુ સારવાનું કોંગ્રેસને બંધ કરવા જણાવ્યું છે.

## માર્કશીટ સુધારા કાંડની વિગતો આપવાની માંગ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્ય ડો. પ્રિયવદન કોરાટ એ બોર્ડની કામગીરી સામે આશંકા વ્યક્ત કરી ધો. ૧૨ની પરીક્ષાની માર્કશીટમાં બારોબાર સુધારા કરી આચરવામાં આવેલા કૌભાંડની વિગતો જાહેર કરવા માંગણી કરી છે. માંગણી નહીં સ્વીકારાય તો તેમણે ૪૮ કલાકમાં આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. તેમણે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ધો. ૧૨ની પરીક્ષાના ગુણપત્રકો બારોબાર કોમ્પ્યુટરમાં સુધારો કરી આચરવામાં આવેલા કૌભાંડ અંગે બોર્ડ કોઈ માહિતી આપતું નથી. બોર્ડે કયા પગલા ભર્યા તેની પણ વિગતો આપતું નથી. આ કૌભાંડથી મેડીકલ સહિત અન્ય અભ્યાસક્રમોમાં તેજસ્વી વિદ્યાર્થીઓને નુકસાન થયું છે. બોર્ડના સભ્યના આક્ષેપથી હચમચી ઉઠેલા બોર્ડના ચેરમેને સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે બોર્ડે આ અંગે પૂરેપૂરી તપાસ કરી છે. આ ઉપરાંત મેડીકલ સહિત અભ્યાસક્રમોમાં ચકાસણી બાદ ડેટા મોકલાયા હોઈ કોઈ વિદ્યાર્થી લાભ લઈ શકે તેમ નથી. આ ઉપરાંત માર્કશીટ તૈયાર કરનાર એજન્સીને પણ બ્લેકલીસ્ટ જાહેર કરી તેની સામે તપાસ પણ હાથ ધરી છે.

## પૂરક પરીક્ષામાં ૩૯ વિદ્યાર્થીઓ ગેરહાજર

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાયેલી ધો. ૧૦માં બે વિષયમાં અને ૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સ પ્રવાહમાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા આજરોજ લેવામાં આવી હતી. ભાવનગરના ૧૫ જેટલા જુદા જુદા કેન્દ્રોમાં આ પરીક્ષાનો આજે પ્રારંભ થયો હતો. આજે ગુરુવારે સવારે ધો. ૧૦ની ગુજરાત વિષયની પરીક્ષામાં કુલ ૩૯૬ વિદ્યાર્થી પૈકીના ૩૫૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે ૩૯ જેટલા વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યાં હતાં. ત્યારે આજે બપોર પછી વિજ્ઞાન અને ટેકનોલોજીના કુલ ૪૦૨ વિદ્યાર્થીઓ નોંધાયેલા તેઓ પરીક્ષા પરીક્ષા આપનાર છે. જ્યારે ધો. ૧૨ની કોમર્સ પરીક્ષામાં આવતીકાલે શુક્રવારે આંકડાશાસ્ત્ર વિષયની પરીક્ષા લેવામાં આવશે.

જ્યારે આજરોજ ધો. ૧૨ના ગણિતના પેપરમાં કુલ ૨૧૦ નોંધાયેલા વિદ્યાર્થીઓ છે. જ્યારે તા. ૧૪ને શનિવારે બાકી રહેતી તમામ વિષયોની પરીક્ષા લેવામાં આવશે.

**કંપની સમાચાર**

## મલેશિયા એરલાઈન્સની આકર્ષક ઓનલાઈન ઓફર

મલેશિયા એરલાઈન્સે મલેશિયા અને ભારત વચ્ચેની તેની સેવાઓને સુદઢ બનાવી છે અને તા. ૧ સપ્ટેમ્બરથી અમલી બને તે રીતે ઓનલાઈન ખરીદીમાં વિશેષ દરો ઓફર કર્યા છે. મલેશિયા એરલાઈન્સે કુઆલાલુપુરથી દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, બેંગ્લોર અને હૈદરાબાદની ફલાઈટોમાં વધારો કરીને દિવસની ફલાઈટો પણ રજૂ કરી છે. તા. ૧૦ જુલાઈથી તા. ૧૬ જુલાઈ ૨૦૧૨ દરમિયાન મલેશિયા, એરલાઈન્સ ચેન્નાઈથી કુઆલાલુમ્પુર માટે રૂ. ૨૦,૬૧૧નું રિટર્ન ઈકોનોમી ફેર રજૂ કર્યું છે. અન્ય શહેરો માટે રિટર્ન ઈકોનોમી ફેર પણ આકર્ષક દરોએ રજૂ કર્યા છે. જેમાં બેંગ્લોરથી રૂ. ૨૧,૬૬૯ હૈદરાબાદથી રૂ. ૨૨,૫૦૮, મુંબઈથી રૂ. ૨૩,૩૮૩ અને દિલ્હીથી રૂ. ૨૫,૮૧૬નો સમાવેશ થાય છે.

પ્રવાસીઓ આ માટે www.malaysiaairlines.com પરથી બુંકિંગ કરી શકે છે. મલેશિયા એરલાઈન્સનાં રિજનલ સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ દ. એશિયા અને મધ્યપૂર્વ શ્રી અઝહર હમીદે જણાવ્યું હતું કે નિયમિતપણે મલેશિયાના પ્રવાસે આવતા ભારતીય પ્રવાસીઓ માટે આ એક ખુબ જ આકર્ષક ઓફર છે.

## સમાચાર ઝલક

- સાબરકાંઠામાં મહિલાઓ સાથે છેતરપીંડી કરનાર ઠગ ઝડપાયો.
- ઓરીએન્ટલ ઇન્સ્યુરન્સ મેનેજર રૂા. ૧૫૦૦૦/- ની લાંચ લેતાં ઝડપાયાં.
- ૧૦૦ કાપકૂપ બાદ 'ડર્ટી પિકચર' ટીવી પર દર્શાવાશે.
- ગુજરાતમાં ૨૦૧૧માં માર્ગ અકસ્માતનાં ૮૦૦૦ નાં મોત.
- લૈલાખાનનાં ફાર્મ હાઉસમાં દાટેલી ૬ લાશ મળી.
- અનેકવિધ સેવા ક્ષેત્રોના - સંસ્થાઓનાં સારથી શ્રી અમુભાઇ ધકાણનું રાજકોટમાં દુ:ખદ અવસાન.
- ગાંધીનગર-અમદાવાદ હાઇવે (નિરમા) પાસે ૧૦૦ કરોડના ખર્ચે જલારામ ધામ ઊભું થશે.
- પાંચ વર્ષમાં કોંગ્રેસને ૧૬૬૨ કરોડ અને ભાજપને ૮૫૨ કરોડ રૂપિયાનું ડોનેશન મળ્યું.
- કે.બી.સી. : ૬ સપ્ટેમ્બરથી શરૂ થશે. અભિતાભ ફરી શુટીંગ ચાલુ કરશે.
- ફિલ્મ અભિનેતા દારાસીંગનું આજે સવારે મૃત્યુ થયું.
- પ્રેમીને પામવા સગીર નાની બહેને મારી બહેનનાં ડોક્યુમેન્ટ રજૂ કરી લગ્ન કરી લેતાં ચકચાર, નાના સમઢીયાળાનો બનાવ.
- જૂનાગઢ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં બે કર્મચારીઓ વચ્ચે મારામારી.

# રૂસ્તમે હિન્દ દારાસિંહે સૌના દિલ જીત્યા હતા : નરેન્દ્ર મોદી

ગાંધીનગર, તા.૧૨

રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તથા ભાજપના પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુએ પ્રસિદ્ધ અભિનેતા દારાસિંહના અવસાન અંગે ઊંડા આઘાત અને દુ:ખની લાગણી વ્યક્ત કરી ભાવભરી શ્રદ્ધાંજલિ પાઠવી છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શોક સંદેશામાં અને ટ્વીટર ઉપર સ્વ. દારાસિંહને શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે, રૂસ્તમે હિન્દ તરીકે જાણીતા સ્વ. દારાસિંહે અખાડાથી ચલચિત્રના પડદા સુધી સૌના દિલ જીતી લીધા હતા. દારાસિંહના અવસાનથી હિન્દી ચલચિત્ર જગતે નિષ્ઠાવાન કલાકાર ગુમાવ્યા છે. ભાજપના પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુએ ફિલ્મ જગતના સિતારા અને સમગ્ર દેશમાં ખ્યાતિ પામેલી રામાયણ સિરીયલના હનુમાન એવા દારાસિંહના અવસાનથી ફિલ્મ જગતને મોટી ખોટ પડી છે.

## વિકીપિડીયામાં સંસ્કૃત ભાષાની માહિતી અધૂરી

અમદાવાદ, તા.૧૨

ઈન્ટરનેટ ઉપર આપવામાં આવેલો સંસ્કૃત વિકીપીડીયા નામના અંગ્રેજી ભાષાનો જ્ઞાનકોશ અધૂરી અને ખોટો હોવાનું જાણવા મળ્યા બાદ ગુજરાત સહિતના સંસ્કૃત ભાષાના વિદ્વાનો અને અધ્યાપકો સક્રિય થયા છે. આ અંતર્ગત ગુજ.યુનિ. દ્વારા વિકીપિડીયા ઉપરની માહિતી સંસ્કૃત ભાષામાં અપલોડ કરાઈ રહી હોઈ હવે રસિકોને સંસ્કૃતમાં કવિતા અને કૃતિઓ જોવા મળશે. ગુજરાત યુનિવર્સિટીમાં આ અંતર્ગત તા. ૧૨ અને ૧૩ જુલાઈના રોજ સેમીનાર યોજાઈ રહ્યો છે. જેનો આવતીકાલ છેલ્લો દિવસ છે. સંસ્કૃતના અધ્યાપકોના જણાવ્યા અનુસાર સંસ્કૃત રસિકો માટે વિકીપીડીયા નામનો જ્ઞાનકોશ મહત્વનો છે. પરંતુ આ જ્ઞાનકોશ અંગ્રેજી ભાષામાં છે. અને તેમાં અપાયેલી માહિતી અધૂરી અને ખોટી હોવાનું જાણવા મળ્યું છે.

## સહારો આપ્યો


● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બે મહિલાઓ પૈકીની વૃદ્ધ મા એટલે મધુબેન અને યુવાન દીકરી એટલે અંજના.

જૈન તેરાપંથી સમાજના મધુબેન માત્ર નાનકડી દીકરી અંજનાને લઈ જૈન સાધ્વીઓની સેવામાં લાગી ગયા. તેમણે કયા સંજોગોમાં ઘર છોડ્યુ તેની વાત અહીં કરી આપણે તેમના જખ્મોને ખોતરવાનુ પાપ ન કરી શકીએ. માત્ર એટલુ જ કહીએ કે સંજોગોએ તેમને ઘર છોડાવ્યુ. મધુબેન અને તે પછી યુવાન બનેલી અંજના કલોલ આવતા જૈન સાધુ-સાધ્વીઓની દીલથી સેવા કરતા. વ્હીલચેર ખેંચી તેમને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જતાં. કલોલના એક ખાલી મકાનમાં તેમણે વર્ષો સુધી આશરો લીધો. દીકરી અંજનાબેનના શરીરમાં લોહી સાવ ઓછુ થઈ જતાં તેમના બંને પગે સોજા આવી ગયા. પગ માંડી શકાય તેવુ ન રહ્યું. જૈન સાધ્વીઓની સેવા અને તે થકી ચાલતુ તેમનું ગુજરાન બંધ થઈ ગયુ. સંજોગો પરીક્ષા લેતા હોય તેમ કલોલમાં જ્યાં આશરો લેતા હતા તે છીનવાઈ ગયુ. ઘણા સ્થળોએ ફર્યા પરંતુ રહેવાની વ્યવસ્થા ન થઈ. કોઈએ ગાંધીનગરનો માર્ગ ચિંધતા મા-દીકરી ગાંધીનગર આવી ગયા. શહેરમાં આશરો મળશે તે આશાએ અહી આવી ચઢેલા મા-દીકરીને કોણ આશરો આપે ? ઘરના ભાડા એટલા તોતીંગ કે ભાડા સાંભળીને જ મા-દીકરીએ હોંશ ગુમાવી દીધા. બસ સ્ટેન્ડમાં આશરો લઈ રહેલા આ મા-દીકરી વિશે કોઈએ જૈન સોશ્યલ ગૃપના પ્રમુખ શ્રી ગાંધીને જાણ કરતાં તેઓ બીમાર દીકરી અંજનાને કોબાની હોસ્પીટલ લઈ ગયા અને દવા અપાવી. ચા-ખાખરા અને બિસ્કીટની વ્યવસ્થા રાહદારીઓ અને આસપાસના ગલ્લાવાળાઓએ કરી દીધી. ગાંધીનગરના અગ્રણી શ્રી કનૈયાલાલ પંડ્યાએ જાતે જઈ તેમની પુછપરછ કરી અને મા-દીકરી વિશેની વાત ગાંધીનગર સમાચારને કરી. ઘ-૪ના બસસ્ટેન્ડ જેવા ખુલ્લા વિસ્તારમાં રહેવુ અસલામત લાગતા બે પત્રકારો બંનેને સેક્ટર-૨૯ના જલારામ મંદિર મુકી આવ્યા. જલારામ મંદિરમાં તેમની કામચલાઉ રહેવાની વ્યવસ્થા જલારામ સેવા સમાજના પ્રમુખે કરી આપી. અંજનાની સારવાર પાલીતાણાની જૈન હોસ્પિટલમાં ખુબ ઓછા દરે થઈ શકતી હોવાની માહિતી જૈન સોશ્યલ ગ્રુપના પ્રમુખ શ્રી ગાંધી સાહેબ લઈ આવ્યા. એટલુ જ નહીં તેમને ત્યાં સુધી પહોંચાડવા અલાયદી વાહન વ્યવસ્થા પણ ગોઠવી આપી છે. બે ત્રણ દિવસમાં તેઓને પાલિતાણા પહોંચાડી દેવાશે.

મધુબેન અને અંજનાએ ક્યારેય વિચાર્યુ નહી હોય કે તેઓ પોતાના ગામને છોડી છેક પાલિતાણા પહોંચી જશે. અંજનાબેનને પુછો કે સાજા થઈ પછી ક્યાં જશો, શું કરશો, તો કહે દુનિયા વિશાળ છે, તમારા જેવા સેવાભાવી ક્યાંક ને ક્યાંક તો મળી જ જશે ને. જૈન સાધ્વીઓની સેવા કરીશ અથવા કોઈ નાની મોટી ફેરી કરીશ, અમારૂ ગુજરાન ચાલશે, મા-દીકરીને કેટલું જોઈએ ?

## શબ્દાવલી - ૪૭૮૬



**આડી ચાવી**

૧. આધાર (૩)
૩. ગડ-ગુમડ પર લગાવાતી દવા (૩)
૫. દિવસ ગામઠી ભાષામાં (૨)
૬. ભૂલ, વાંક (૪)
૮. દારૂની જાત (૨)
૧૦. જરૂરત, ગરજ (૨)
૧૨. ઉતારો કરવો, ... કરવી (૩)
૧૩. શાન, આબરૂ (૩)
૧૪. આકાશ, વાદળ (૩)
૧૫. ... પ્રયુક્તિ, કળ (૩)
૧૬. લાગો, હક્કનું માંગણુ (૨)
૧૭. સાલ, વર્ષ (૩)
૧૮. મેશ, આંજણ (૩)
૨૦. ઘણા વ્રતમાં આખો દિવસના ઉપવાસ પછી રાત્રે... કરવું પડે (૪)

**ઊભી ચાવી**

૧. ... ને ઘણાં માંકડાની ઉપમા આપે છે (ચંચળતા માટે) (૨)
૨. નાડી, નસ (૨)
૩. એક સુંવાળુ રેશમી કાપડ (૪)
૪. કુટેવ, ખરાબ આદત (૨)
૭. તફાવત (૩)
૯. ઊંધુ-ચત્તું, અવળુ-સવળું (૬)
૧૧. પોતાની કાણી કરી પોતાના પર જ નભતું (૪)
૧૨. મા વગરનું (૩)
૧૪. કામ ધંધા વગરનો (૩)
૧૬. ખીજ, ચીડ (૨)
૧૮. શિક્ષા (૨)
૧૯. ... મોકાણ, મૃતક પાછળ કરાતો શોક (૨)

### શબ્દાવલી ૪૭૮૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) અગ્રતા (૩) સંચાલક (૭) રસ (૯) રબર (૧૦) વગોવણી (૧૨) નથણી (૧૪) હાક (૧૫) અળગુ (૧૭) હાટડી (૧૯) ઝગમગાટ (૨૧) ટોટલ (૨૨) નકોર

**ઊભી ચાવી :-** (૧) અનશન (૨) તારવણી (૪) ચારણી (૫) લબ (૬) કરમકહાણી (૮) સગો (૧૧) વમળ (૧૩) થપાટ (૧૬) ગુણગાન (૧૭) હાકોટો (૧૮) ડીઝલ (૨૦) ટકો

**કંપની સમાચાર**

## એલિકોન એન્જિનિયરિંગને ભેલ દ્વારા ૧૦૪.૪૧ કરોડનો પ્રતિષ્ઠિત ઓર્ડર મળ્યો

ભારતની સૌથી વિશાળ મટીરિયલ હેન્ડલિંગ ઈક્વિપમેન્ટસ્ અને ટ્રાન્સમિશન પ્રોડક્ટ્સ ઉત્પાદકમાંની એક એલિકોન એન્જિનિયરિંગ કંપની લિમિટેડ તેના એમએચઈઈ વિભાગને ટેકનોલોજિકલ સ્ટ્રક્ચર્સ, પુલીઝ, આઈડલર્સ વગેરેનો સમાવેશ ધરાવતા યેરમારાઝ થર્મલ પાવર સ્ટેશન આરપીસીએલના સીએચપી ૨x૮૦૦૦ મેગાવોટ માટે ડિઝાઈન, એન્જિનિયરિંગ, ઉત્પાદન, નિરીક્ષણ, પુરવઠો, પરિવહન, ચીજો ઉતારવી અને કન્વેયર પેકેજ પ્રણાલીનો પુરવઠો સહિત રેલ, રેલ એસેસરીઝ, કેલેમ્પ્સ, ફિકચર્સ, હોઈસ્ટ બેલ્ટ વેયર સર્વ ઈલેકટ્રિકલ હાઈડ્રોલિક ડ્રાઈવ્ઝ અને એસેસરીઝ સાથે સ્ટેકર કમ રિકલેઈમરનો સમાવેશ ધરાવતા મશીન પેકેજ-બીના પુરવઠા માટે ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (ભેલ) પાસેથી રૂ. ૧૦૪.૪૧ કરોડ મૂલ્યનો પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રાપ્ત કર્યો છે.

## અડવાણી ગાંધીનગર આવે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિજીલન્સ કમિટીની આ બેઠકમાં આવાસ યોજનાની નબળી કામગીરી અંગે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી તેમજ ટોટલ સેનીટેશન પ્રોજેક્ટની પણ નબળી કામગીરીને લઈ તંત્રને એક ઝુંબેશ તરીકે આ પ્રોગ્રામ હાથ ધરવા જણાવ્યું હતું.

દરમ્યાન ગ્રામ વિકાસ એજન્સીએ ટોટલ સેનીટેશન પ્રોગ્રામ અને નિર્મળ ગ્રામ અંતર્ગત માણસા તાલુકામાં વિશેષ અભિયાનનું આયોજન કર્યું હોવાથી આ બેઠકમાં તે મુદ્દે વિશેષ ચર્ચાઓ હાથ ધરાય તેવી શક્યતાઓ રહેલી છે.

શ્રી અડવાણીની આ સૂચિત મુલાકાતને લઈ તંત્ર દ્વારા પણ તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ માટે ખાસ પ્રેઝન્ટેશનો પણ તૈયાર કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

મનરેગા યોજનામાં આ વખતે ગાંધીનગર જિલ્લામાં સારી કામગીરી થઈ હોવાથી તંત્ર દ્વારા તે માટે અલાયદુ પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## કોંગ્રેસ ધરણા કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યુ હતુ કે ગાંધીનગર મહાનગરપાલિકાને કરાતા અન્યાયો અંગે સરકાર દ્વારા કોઈજ સકારાત્મક અભિગમ અપનાવવામાં નહિ આવતાં આ મુદ્દે લોકમત ઉભો કરવાનો નિર્ણય લેવાની પક્ષને ફરજ પડી છે.

શહેરમાં કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે આજે જિલ્લા પોલીસ વડાને અલગથી રજુઆત કરવામાં આવનાર હોવાનું પણ આ આગેવાનોએ જણાવ્યું હતું. આ ઉપરાંત ૧૮મી જુલાઈના રોજ શહેરના કથળતા જતા શિક્ષણને લઈ શિક્ષણાધિકારીને પણ એક આવેદન-પત્ર આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧